Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

વિચારો ગમે તેટલા
જાગૃત અને ઊંચા હોય
પણ જ્યાં સુધી તેનો
અમલ ના થાય
ત્યાં સુધી
તેની કોઇ કિંમત નથી.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Year - 22 ● Issue No. - 268 ● 1st January 2026 Price Rs. 2/- ● Pages-12

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ..................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ.પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિ બંધુઓ,

પરિવાર પત્રિકાના બીજા પાને નીચેના ભાગમાં ગાંભુ નિવાસી (હાલ : પુના)સ્વ.ઈન્દીરાબેન ચંદ્રકાન્ત શાહની પુણ્યસ્મૃતિના તેમના ફોટા અને નામ સાથે સુવાક્ય છપાય છે. તેનો લાભ સુપુત્રી હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક) એપ્રિલ–૨૦૨૫ થી માર્ચ–૨૦૨૬ સુધી લીધેલ છે. તેની મુદ્ત માર્ચ–૨૦૨૬માં પુરી થાય છે. જ્ઞાતિ મંડળ આ પરિવારનો અભિનંદનસહ આભાર માને છે. હવે એપ્રિલ–૨૦૨૬ થી માર્ચ–૨૦૨૭ સુધી આ યોજના માટે દાતાઓ આવકાર્ય છે તેનો નકરો રૂા.૨૧૦૦૦/– છે. આ યોજનાનો લાભ કોઈ પણ દાતા લેવા માંગતા હોય તેઓએ જ્ઞાતી મંડળના કાર્યાલયમાં પોતાનું સંમતિપત્ર તા.૧૫–૦૨–૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) અને શ્રીમતી મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી) ના નામે કાયમી ધોરણે ચાલતી સાધર્મિક સહાય યોજના અંગર્ગત નાણાકિય વર્ષ ૨૦૨૫–૨૬ના બીજા રાઉન્ડમાં ૩૮ કુટુંબના ૧૦૮ જ્ઞાતિજનોને તેમના ઘેર બેઠા જીવન જરૂરિયાતની ખાધસામગ્રી પહોંચાડવામાં આવેલ છે. તેનો કુલ ખર્ચ રૂા.૧,૮૫,૬૩૪/– થયેલ છે. તેમજ જ્ઞાતિજનો તરફથી અનુમોદના ક્ષેત્રે આવેલા દાનમાંથી દરેક પરિવારને રૂા.૧૦૦૦/– ની રોકડ સહાય તથા શ્રીફળની પ્રભાવના આપેલ છે.

આ સાધર્મિક સહાય યોજના અંતર્ગત અમદાવાદ જ્ઞાતિમંડળ તરફથી વર્ષના બે વખત સાધર્મિક પરિવારોને ખાધસામગ્રી આપવામાં આવે છે. તેની સાથે આપણી જ્ઞાતિના કોઈ વ્યક્તિને રોકડ રકમની આર્થિક સહાય (અનુકંપાદાન) આપીને સહભાગી થવાની ઈચ્છા હોય આપ ઉદારદિલ દાતાઓ દાન આપશો તેવી નમ્ર વિનંતી છે.

સમગ્ર જ્ઞાતિમાંથી આપણા કોઈપણ જ્ઞાતિજનનું અવસાન થાય ત્યારે તેના સમાચાર જે તે પરિવાર શ્રી જગતભાઈ બી. ગાંધી (સમોડા) ને વોટ્સએપ કે ઈ–મેઈલ દ્વારા મોકલાવે છે અને આ યુવાન આ સમાચાર જ્ઞાતિના સોશ્યલ મિડિયાના માધ્યમથી કોમ્યુનીટી ઘોષણા દ્વારા મોડી રાત્રે પણ તરત સમાજના દરેક જ્ઞાતિજનને મળે તે રીતે પ્રસારિત કરે છે. આ એક સેવા છે.

યુથ ફોરમ આયોજિત તા.૨૧–૧૨–૨૦૨૫ ના રોજ બપોરે ૨–૦૦ વાગે જ્ઞાતિ મંડળના હોલ ઉપર સુરીલી સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કુલ ૨૫ જ્ઞાતિજનોએ ફિલ્મના ગીતો ઉપર ગાવાનો સુરીલી સંગીત કાયમમાં ભાગ લીધો હતો. જે કાર્યક્રમનું લાઈવ ફેસબુક ઉપર પ્રસારણ

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૭)



## શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણવા-મંડાલી મુંબઈ, (ઉ.વર્ષ: ૮૭)
જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

સદ્‌ગતની સ્મૃતિમાં

કેતન  કેયુર  કેતકી
અલ્કા  શ્વેતા  અક્ષય

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા પરિવાર તરફથી
અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા'' મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ .........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

કરવામાં આવેલ હતું. તેમજ ૧૫૦ થી વધુ જ્ઞાતિબંધુએ સમાજના હોલ ઉપર કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભજીયા તથા ચા-કોફીનો આનંદ માણીને સૌ જ્ઞાતિબંધુ છુટા પડ્યા હતા. આવા સુંદર કાર્યક્રમનું સંચાલન કરવા બદલ યુથફોરમ કમિટી ધન્યવાદને પાત્ર છે.

અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા દર મહિને પ્રસિધ્ધ થતા પરિવાર પત્રિકા અંકમાં જન્મ દિવસનો શુભેચ્છા સંદેશ માત્ર રૂા.૨૫૦/-માં તથા લગ્ન દિવસનો શુભેચ્છા સંદેશ માત્ર રૂા.૫૦૦/-માં ફોટા સહિત પબ્લીશ કરવામાં આવે છે. જો આપનો કે આપના પરિવારના સભ્યશ્રીનો જન્મ/લગ્ન દિવસ ફેબ્રુઆરી માસમાં આવતો હોય તો આપની ઈચ્છા મુજબ તા.૦૫-૦૧-૨૦૨૨૬ સુધીમાં હેલ્પલાઈન મોબાઈલ નંબર ઉપર ફોટો, જન્મ/લગ્ન તારીખ, રૂા.૨૫૦/૫૦૦ ભર્યાની વિગત, નામ, ગામ, મોબાઈલ નંબર સાથે મોકલી આપવા વિનંતી છે. હેલ્પલાઈન નંબર : +૯૧ ૭૦૪૬૬૦૨૩૭૫ (ફક્ત વોટ્સએપ મેસેજ પર).

અમદાવાદ જ્ઞાતિ મંડળ તરફથી દર માસના બીજા અને ચોથા ગુરુવારે બપોરે ૨-૩૦ થી ૪-૩૦ હોમિયોપેથીક સારવાર ડૉ.શ્વેતાબેન દ્વારા આપવામાં આવે છે. તો વધુમાં વધુ જ્ઞાતિબંધુ મંડળ તરફથી અપાતી સેવાનો લાભ લેવો જોઈએ.

સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત સોમવારથી શનિવાર સાંજે ૪-૦૦ થી ૫-૦૦ દરમ્યાન પાઠશાળા ચાલે છે. તેમાં ધાર્મિક સૂત્રના શુધ્ધિકરણ સાથે ધાર્મિક જ્ઞાન સાહેબ દ્વારા શિખવવામાં આવે છે જેનો વધુમાં વધુ જ્ઞાતિબંધુઓએ લાભ લેવો જોઈએ.

શ્રી ભાવેશભાઈ એમ શાહ-મંત્રી - શ્રી રમેશભાઈ સી શાહ-સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### મહિલા મંડળનો આગામી કાર્યક્રમ
### દાબડા ઉજાણી

તા.૦૯-૦૧-૨૦૨૬, વાર-શુક્રવાર  સ્થળ : વાસણા જ્ઞાતિ હોલ
સમય : ૨:૩૦

તા.૦૯-૦૧-૨૬એ શુક્રવારના રોજ અમદાવાદ મહિલા મંડળ દ્વારા દાબડા ઉજાણીનો કાર્યક્રમ રાખેલ છે. તો સર્વ જ્ઞાતિની મહિલામંડળના દરેક સભ્યોને સમયસર પધારવા વિનંતી છે, સાથે હાઉસીની ગેમ પણ રમાડવામાં આવશે. ચા-કોફીની વ્યવસ્થા મહિલામંડળ દ્વારા કરવામાં આવશે.

સોનલબેન શાહ-મંત્રી ● પીંકીબેન શાહ-સહમંત્રી



દરેક દિવસે જીત તો નથી થતી,
પણ દરેક દિવસે કરેલી મહેનત
જીત તરફ જરૂર લઇ જાય છે.

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)
રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ
(ગાંભુ-હાલ:પૂના)
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ❖ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

રોમીલ રાજેશકુમાર શાહ
અનાલી રોમીલ શાહ
કહાન, ક્રીયાન

રીમા રવિકુમાર શાહ
રવિકુમાર વસંતભાઈ શાહ
રીવા

॥ શ્રી શીતલનાથ સ્વામીને નમઃ ॥

# અમારી દિકરી શ્રીમતી ગીતાબેન અને જમાઈ શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ ( ધીણોજ- બોરીવલી ) માટે ગૌરવ સહ ખુબ ખુબ અનુમોદના.

પ.પુ. બાપજી મહારાજની ઉજ્જવલ પરંપરાના સંવાહક પ.પુ. ગચ્છાધિપતિ શ્રી નરરત્નસુરીશ્વરજી મહારાજાની નિશ્રામાં વિ.સં. ૨૦૮૨ ના માગસર વદ-૧૦ ને રવિવાર તા. ૧૪-૧૨-૨૦૨૫ ના રોજ ધીણોજ ખાતે ભદ્રંકર ધર્મ ધામ ખાતે નુતન ધર્મશાળા અને નુતન ભોજનશાળા એમ બંનેમાં મુખ્ય દાતા તરીકે લાભ લઈ અમારી દિકરી શ્રીમતી ગીતાબેન અને જમાઈ શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ ( ધીણોજ- બોરીવલી ) એ માતા- પિતા : વિમળાબેન બાબુલાલ તલકચંદ શાહ પરિવારનું માદરે વતન ધીણોજ ગામનું ઋણ અદા કર્યું છે.

શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ અવારનવાર ધાર્મિક સત્કૃત્યો કરતા જ રહે છે. આ સત્કૃત્યોમાં અમારી દિકરી ગીતાબેન પણ જીતેન્દ્રકુમારને સાથ આપી અમારા પિયરના સંસ્કાર અને નામ રોશન કર્યું છે.

ધીણોજ ખાતે નુતન ભવનના ઉદ્ઘાટન નિમિત્તે ૧૧૦ યાત્રિકોને મુંબઈથી લઈને મહેસાણા, ધીણોજ, ગાંભુ, તારંગા, પાનસર અને સેરીસા તીર્થની ત્રણ દિવસની જાત્રા પણ કરાવી હતી.

વર્ષ ૧૯૯૮ માં પણ ૨૨૫ કુટુંબીજનોને ધીણોજ, તારંગા, શંખેશ્વર, શેત્રુંજય તીર્થની જાત્રા કરાવી હતી. એક વખત કુટુંબીજનોને સમ્મેતશીખરજીની જાત્રા પણ કરાવી હતી. બોરીવલી ( ઈસ્ટ ) માં કાર્ટર રોડ પર જૈન દેરાસરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજી ભરાવવા ( અંજન શલાકા ) નો લાભ લીધો હતો. મુંબઈ વિરાર મહાવીર ધામમાં પ્રભુની પેઢીમાં પણ લાભ લીધો હતો. વિરાર ગૌશાળામાં માતબર રકમ આપી લાભ લીધો હતો. બાપજી મહારાજની સમાધી ભુમી વાલવોડ ખાતે પણ એક રૂમના દાતા તરીકે લાભ લીધો હતો. આ દંપતી વર્ષમાં બે વખત કારતક સુદ પુનમ અને ફાગણ સુદ તેરસની છ ગાઉંની જાત્રા છેલ્લા સળંગ ૪૮ વર્ષથી સજોડે કરી રહ્યાં છે. ધીણોજ ખાતે શ્રી શીતલનાથ જીનાલયે મુળ નાયક ભગવાનની ધજા ચઢાવવાનો સતત ૭ વાર લાભ લીધેલ છે અને બોકરવાડા જિનાલય ખાતે ૧૮ અભિષેકનો લાભ પણ લીધેલ હતો. શ્રી જીતેન્દ્રકુમારે મુંબઈ મંડળના સેક્રેટરી તરીકે તથા શ્રી સુજ્ઞાતિ જૈન ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પણ ઉત્તમ કામગીરી કરી જ્ઞાતિજનોની સેવા કરી છે. શ્રી જીતેન્દ્રકુમારની ખાસિયત એ છે કે, તેઓ જૈન તથા જૈનેતરને શિક્ષણ, મેડિકલ ખર્ચ, રોજગાર બાબતે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ખાનગી રીતે ઘણા લોકોને સહાયરૂપ બનતા હોય છે.

તેમનાં આ સત્કૃત્યોની અમે ભુરી ભુરી અનુમોદના કરીએ છીએ અને અમારી દિકરી અને જમાઈ માટે ગૌરવ અનુભવીએ છીએ.

**લી. ગજરાબેન માધવલાલ કાળીદાસ શાહ પરિવાર ( બોકરવાડા )**

## ભવન ઉદ્ઘાટન પ્રસંગની તસવીરોની એક ઝલક











**જૈનમ્ જયતિ શાસનમ્**

ધનથી માન મળે છે અને ધર્મથી આદર મળે છે.
ધન અને ધર્મના સમન્વયથી આવાં સત્કાર્યો ઉદભવે છે.



# સુખની પળ

સુખ ચાની ચૂસકી જેવું હોય છે. સુખ લિટરમાં કે કિલોમાં નથી મળતું, એ સત્વમાં મપાય છે. એકવીસ ઈંચના ટીવી કરતાં બાવન ઈંચના ટીવીમાં ફિલ્મ કે મૅચ જોવાની મજા આવે એ સ્વાભાવિક છે છતાં આપણને એ ધ્યાનમાં નથી રહેતું કે બન્નેમાં દેખાતું દૃશ્ય તો એક જ છે. ઘણી વાર વંદે ભારત જેવી પ્રીમિયમ ટ્રેનમાં ચા પીને સંતોષ નથી મળતો, જે ચા ની લારીએ મળે છે. સુખ હંમેશા આકર્ષક પૅકિંગમાં જ હોય એ જરૂરી નથી. સુખ અને સગવડને આપણે એટલાં બધાં નજીક લાવી મૂકી દીધાં છે કે બન્ને વચ્ચેની ભેદરેખા પારખવી મુશ્કેલ થઈ જાય.

શહેરમાં મર્સિડીઝ ગાડી સિવાય નહી ફરનાર શ્રીમંત માણસ પોતાના નાનકડા ધૂળિયા ગામમાં જાય ત્યારે ગામની નાની શેરી, પાદર, મંદિર, નદી એ વાતાવરણ, એ વાતાવરણમાં સચવાયેલી સ્મૃતિ એનું પરમ સુખ હોય છે. આ સુખ કોઈ દુકાનમાં નથી મળવાનું. અગવડો હોવા છતાં સ્મૃતિને કારણે આ સુખ સર્જાય છે. અતિ વ્યસ્તતાને કારણે પોતાનાં સંતાનોનું બાળપણ માણી ન શકનારાં મા-બાપ જ્યારે દાદા-દાદી કે નાના-નાની બને છે ત્યારે હાથમાંથી સરી ગયેલો સોનેરી સમય ફરી દ્વાર પર દસ્તક કરવા આવી પહોંચે છે. આ સુખ એમના માટે ચોવીસ કૅરેટના સોના જેવું હોય છે.

જે મંદિરે તમે અવારનવાર જતા હોવ અને ત્યાંની પાળેલી ગાય તમને ઓળખતી થઈ જાય ને તમે એના માથે વહાલથી હાથ ફેરવવા મજબૂર થાવ એ સુખનું સુંવાળું સ્વરૂપ છે. સંતુલન ન જાળવી શકતા કોઈ વૃદ્ધને તમે હાથ પકડીને દોરી જાવ એ માત્ર ફરજ જ નથી, એ સંતોષ પણ છે અને સુખ પણ છે.

સુખના પર્વતો નથી હોતા. સુખની કૂંપળો હોય છે. આ કૂંપળોનું કદ કે કિંમત નથી જોવાનાં, આ કૂંપળોનું કૌતુક જાણવાનું છે. સુખ કદમાં નાનું હોય છતાં અનહદની અનુભૂતિ આપવા સક્ષમ હોય છે.

**સવાલ એ છે કે વિસરાઈ ગયેલા સુખને શોધવા માટે આપણી પાસે સમય છે ખરો ?**

**આવી પળ જેને મળે એ ખરેખર સુખી ગણાય.**







બકુભાઈ સી. ગાંધી (સમોડા) - સંપાદક • રમેશભાઈ સી. શાહ (કમાણા)-સહ સંપાદક

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

**દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...**



**તનેશકુમાર ઉત્તમચંદ શાહ**
ગામ : મણુંદ- પુના
મોબાઈલ : +૯૧૯૮૨૨૧૯૧૦૫૪
જન્મ તારીખ : ૧૯ મી જાન્યુઆરી



**ઉદિત (રવિ) ચંદ્રકાંતભાઈ શાહ**
ગામ : રણુંજ- અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૯૯૮૬૭૬૧૬૧
જન્મ તારીખ : ૨૩ મી જાન્યુઆરી



**સંગીતાબેન ચંદ્રકાંતભાઈ શાહ**
ગામ : રણુંજ- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૨૬૫૪ ૧૨૯૪૪
જન્મ તારીખ : ૨૬ મી જાન્યુઆરી



**શૌર્ય દર્શીનકુમાર શાહ**
ગામ : બોરીઆવી- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૮૭ ૨૨૪૫૦
જન્મ તારીખ : ૩૧ મી જાન્યુઆરી

## સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**સોનાલીબેન અક્ષયકુમાર શાહ અને અક્ષયકુમાર તનેશકુમાર શાહ**
લગ્ન તારીખ : ૧૮ મી જાન્યુઆરી
મોબાઈલ : +૯૧૯૦૯૬૫૬૫૮૮૨ - ગામ : મણુંદ- પુના



**ભુમિકાબેન વત્સલકુમાર શાહ અને વત્સલકુમાર પ્રકાશકુમાર શાહ**
લગ્ન તારીખ : ૨૨ મી જાન્યુઆરી
મોબાઈલ : +૯૧ ૯૪૨૮૬ ૩૨૯૫૫, +૯૧૯૫૮૬૯ ૭૨૮૯૬ - ગામ : બોરીઆવી- અમદાવાદ



**કુશાલી પ્રતિકકુમાર શાહ અને પ્રતિકકુમાર વિજયકુમાર શાહ**
લગ્ન તારીખ : ૨૩ મી જાન્યુઆરી
મોબાઈલ : +૯૧૯૪૨૭૭૦૨૮૯૬ - ગામ : બોરીઆવી- અમદાવાદ



**હેમાબેન જીજ્ઞેશકુમાર શાહ અને જીજ્ઞેશકુમાર સેવંતીલાલ શાહ**
લગ્ન તારીખ : ૨૮ મી જાન્યુઆરી
મોબાઈલ : +૯૧૯૩૨૩૦ ૦૦૪૦૩, +૯૧૯૯૨૦૧ ૬૯૫૬૯ - ગામ : મણુંદ - બોરીવલી

॥ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ॥

શુભેચ્છા સહ

# હાર્દિક અભિનંદન



## ચિ. જૈનમ એસ. શાહ

**ગામ : કહોડા, હાલ : અમદાવાદ**

પ.પૂ. સાધુ ભગવંતો અને વડીલોના આશિર્વાદથી ચિ. જૈનમ BBA, MBA (Finance) ની ઉચ્ચ ડિગ્રી A+ ગ્રેડ સાથે પ્રાપ્ત કરી બરોડા સ્થિત પ્રતિષ્ઠિત એન.જે.ગ્રુપમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે એપોઈન્ટ થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. ચિ. જૈનમ ઉત્તરોઉત્તર પ્રગતિના શિખરો સર કરે તેવી અમો સૌ હૃદયથી શુભેચ્છા પાઠવીએ છીએ.

**: શુભેચ્છક :**

**શશાંક જે. શાહ (પિતા)**
**વિરલ એસ. શાહ (માતા)**
**વિશ્વા એસ. શાહ (બહેન)**
**સ્વ. જગદીશભાઈ સી. શાહ (દાદા)**
**સ્વ. અરૂણાબેન જે. શાહ (દાદી)**
**સ્વ. હસમુખલાલ યુ. શાહ (નાના)**
**સ્વ.કલાબેન એચ. શાહ (નાની)**
**તથા સમગ્ર શાહ પરિવાર, કહોડા**

---

॥ શ્રી માણીભદ્રવિરયે નમઃ ॥ ॥ શ્રી ધર્મનાથાય સ્વામીને નમઃ ॥ ॥ શ્રી કેશરીયા આદિનાથાય નમઃ॥

# ॥ આવ્યો રૂડો અવસર ॥

મૂળનાયક શ્રી ધર્મનાથ પ્રભુના જન્મકલ્યાણક નિમિત્તે
અઢાર અભિષેક તેમજ પુરાતન ક્ષેત્રપાલદાદાની નૂતન દેરીમાં પ્રતિષ્ઠા
સાથે નૂતન-ગૌતમસ્વામીની પ્રતિકૃતિની સ્થાપનાના શુભ પ્રસંગે

## આમંત્રણ પત્રિકા

ભાલક શ્વે.મૂ.જૈન સંઘના સહકુટુંબ-સ્નેહીજનો તેમજ
આપણા સંઘની પરણાવેલ બહેન-દીકરીઓને સજોડે પધારવા

## હાર્દિક આમંત્રણ

**:: નિશ્રા પ્રદાનદાતા ::**

શાસન સમ્રાટ પ.પૂ.આ.શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના
૨૨મા વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ.શ્રી વિજય મતિસેનસૂરીશ્વરજી મ.સા.
તથા પ.પૂ.મુનિરાજ શ્રીઅક્ષયચંદ્રવિજયજી મ.સા.આદિ ઠાણા

**શુભ અવસર :તા.૨૧-૧-૨૦૨૬, મહાસુદ-૩, બુધવારના રોજ**

**કાર્યક્રમ**

| | |
|---|---|
| સવારે ૯-૦૦ કલાકે | જિનાલયે પરમાત્માને અઢાર અભિષેક |
| સવારે ૧૦-૩૦ કલાકે | પુરાતન ક્ષેત્રપાળદાદાની નૂતન દેરીમા પ્રતિષ્ઠા<br>લાભાર્થી : શ્રી દિલીપભાઈ ભોગીલાલ શાહ પરિવાર હ.સમીરભાઈ |
| સવારે ૧૦-૩૬ કલાકે | નૂતન ગૌતમસ્વામીની પ્રતિકૃતિની સ્થાપના અને પગલાની પ્રતિષ્ઠા<br>લાભાર્થી : શ્રીમતી પૂષ્પાબેન હિંમતલાલ શાહ હ.નેહાબેન |
| બપોરે ૧-૩૦ કલાકે | ક્ષેત્રપાળપૂજન (પૂજા-હવન-ગોળો હોમવાનો-શ્રીફળનું તોરણ-સુખડી)<br>વિધીકારક : શ્રી પંકજભાઈ વોરા મંડળી સાથે પધારશે.<br>નવકારશી-સ્વામિવાત્સલ્ય-ચૌવિહાર (શ્રી સંઘ તરફથી) |

**:: નવકારશી કાયમી લાભાર્થી ::**

- કાં.અવંતિકાબેન ચિમનલાલ નાથાલાલ ગાંધી
- શ્રી દિનેશચંદ્ર છનાલાલ ભપલદાસ શાહ
- શ્રીમતી સુશિલાબેન ધીરજલાલ સોમચંદ શાહ
- શ્રીમતી ઉર્મિલાબેન રજનીકાંત શાહ

**:: સ્વામિવાત્સલ્યના કાયમી લાભાર્થી ::**

- શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ ભોગીલાલ શાહ
- શ્રીમતી વિણાબેન સુધીરભાઈ ઈશ્વરલાલ શાહ

**:: અઢાર અભિષેકના કાયમી લાભાર્થી ::**

- શ્રીમતી સુશિલાબેન ભોગીલાલ નગીનદાસ શાહ
- શ્રીમતી હસુમતિબેન વિનોદચંદ્ર મણીલાલ શાહ

**બસ વ્યવસ્થા**

(૧) તા.૨૧-૧-૨૦૨૬ બુધવારના રોજ સવારના ૫-૩૦ કલાકે શ્રી મહેસાણા પ્રાંત દશાશ્રીમાળી જ્ઞાતિની વાડીથી બસ દ્વારા અમદાવાદ થી ભાલક જવા પ્રયાણ
(૨) ટોકન ચાર્જ રૂા.૩૦૦/- ભરીને જ બુકીંગ થશે.
(૩) બુકીંગ તા.૧૧-૧-૨૦૨૬ સુધી જ થશે ત્યારબાદ બુકીંગ બંધ.
(૪) ખાનગી વાહનોમાં આવનારાઓએ અગાઉથી સંખ્યાની જાણ અચૂક કરવાની રહેશે.
(૫) જન્મકલ્યાણક તથા પ્રતિષ્ઠા નિમિત્તે સ્વામિવાત્સલ્ય સમયે સંઘપૂજનનો લાભ લેવા વિનંતી (૧ રૂા.= ૨૫૦ પ્રમાણે).

**બુકિંગસ્થળ :**

ભાવેશભાઈ શાહ
મો.૯૪૨૭૭૦૨૦૮૦

ભાઈલાલભાઈ શાહ
મો.૯૮૨૫૫૮૧૯૭૬

લી.
શ્રી જૈન શ્વેતામ્બર દેરાસર ટ્રસ્ટ-ભાલક
પ્રમુખશ્રી
દિલીપભાઈ બી.શાહ તથા ટ્રસ્ટીમંડળ

Mahavir # 98254 76871

# બદલાયેલા સરનામા

## અમદાવાદ

**દક્ષેશ અશ્વિનકુમાર શાહ.................................(ભાલક)**
ડિ-૬૦૩, શ્રી સદન-૧૭, ભોલેનાથ ફાસ્ટફુડની સામે, રાજયશ સીટી, ન્યુ વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૮૧૪૧૮૧૭૧૦૦

**હેમંત ચીનુભાઈ શાહ................(કહોડા)**
૧૦૨, સ્કાયલાઈન, ૧૨ સ્વસ્તિક સોસાયટી, પંજાબી હોલ લેન, નવરંગ પુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. મો.: ૯૯૯૮૯૩૩૮૨૨

**ધિરેનકુમાર કાંતિલાલ શાહ............(ભાન્ડુ)**
સી/૧૦૧, સહજ સોલીટર, વૈશાલી ટાઉનશીપ, સાઉથ વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૫૫૮૦૦૦૪૩૩

## આજીવન સભ્યપદ-મુંબઈ

**રાજેશ રસિકલાલ શાહ..............................(વડાવલી)**
એ/૨૦૩, સૌરભ કોસ લિ., શાહજી રાજ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૭. મો.: ૯૩૨૪૬૭૨૮૮૦, ૭૬૬૬૫૭૬૯૭૦

## આજીવન સભ્યપદ-અમદાવાદ

**શુભમ પિયુષકુમાર જયંતિભાઈ શાહ....................(ઉનાવા)**
૫૦૧, માધવ ગોવિંદ એપાર્ટમેન્ટ, ભરવાડવાસ પાસે, ભીમજીપુરા, અમદાવાદ-૧૩. મો.: ૭૨૦૩૮૫૭૩૯૨

**પિયુષ જયંતિભાઈ શાહ...............................(ઉનાવા)**
૧૪/બી, વીરનગર સોસાયટી, ભીમજીપુરા ચાર રસ્તા, નવા વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩. મો.: ૮૭૫૮૮૧૪૧૨૮, ૯૫૭૪૩૩૮૩૪૩

**ધૈર્ય નિતીનકુમાર શાહ.................................(બોકરવાડા)**
એ-૨૦૬, સેકન્ડ ફ્લોર, વિક્ટોરીયા હાઈટ્સ, ધરણીધર એવન્યુ પાસે, નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૪૫.મો.: ૯૭૩૭૯૯૭૨૦૦, ૭૮૬૩૮૨૪૬૯૭

**મલ્હાર સુબોધભાઈ શાહ...............................(લણવા)**
બી-૨૦૪, અર્જુન ગ્રેસ, નારણપુરા ટેલીફોન એક્ષચેન્જની સામે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩
મો.: ૯૮૨૦૪૦૭૫૫૮, ૯૯૨૪૩૧૯૨૦૦, ૮૮૬૬૩૦૬૮૫૩

**પારસ અશ્વિનકુમાર શાહ...............................(ગાંભુ)**
૨૫/૨૭૩, પૂજન એપાર્ટમેન્ટ, જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૬૩૫૨૭૨૧૮૭૪

**મિતુલ પંકજભાઈ શાહ..................................(દેણપ)**
૧,શ્રી નગર સોસાયટી, સૈજપુરબોઘા, નરોડા, અમદાવાદ-૩૮૨૩૪૫. મો.: ૯૩૨૭૦૦૨૧૬૨

## આજીવન સભ્યપદ-અમદાવાદ

**પ્રતિક પ્રમોદચંદ્ર શાહ.............................(વિસનગર)**
૧૦/એલ રંગસાગર ફ્લેટ, પી.ટી.કોલેજ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૮૨૪૪૩૪૨૪૯

**કાવ્ય અલ્પેશકુમાર ગાંધી.............................(સમોડા)**
એ/૫, વ્રજ એપાર્ટમેન્ટ, ધર્મયુગ સોસાયટી પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૦૬. મો.: ૮૭૯૯૬૦૨૦૧૦

**ધ્રુમીત હરેશકુમાર શાહ..........................(બોકરવાડા)**
૩૦૪, અનમોલ ફ્લેટ, ૨૦, મહાલક્ષ્મી સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૮૨૪૮૮૮૧૮૨

**દિપક દશરથભાઈ શાહ..........................(બોકરવાડા)**
એચ-૧૨૦૪, ઓરચીડ સ્કાય, સ્કાયસીટી સામે, ક્લબોટ રોડ, સેલા, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮.મો.: ૯૯૦૯૦૦૫૬૭૯

**હર્ષિત જીગ્નેશકુમાર શાહ.............................(ભાલક)**
બી-૨૦૧, ધ વિએન્ઝા, સ્વર્ણીન સ્ટોન પાસે, છારોડી તલાવ પાસે, એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧. મો.: ૮૧૫૫૯૫૧૦૮૪

**મીત પ્રફુલકુમાર શાહ...............................(ભાલક)**
જી-૧૩૦૮૦, અનંત સ્કાય, પિન્ક સીટીની પાસે, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦ મો.: ૯૩૭૭૫૭૭૯૪૪

**કેવલ નીતિનકુમાર શાહ.............................(બોકરવાડા)**
૪, ચાણક્ય ટાવર, લાડ સોસાયટી પાસે, સંદેશ પ્રેસ રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪. મો.: ૯૯૭૯૫૦૮૧૧૪, ૯૯૨૪૪૯૭૫૨૭

**કહાન અનુપભાઈ શાહ..........................(બોકરવાડા)**
બી-૬૦૪, શીલ્પ શાલીગ્રામ ફ્લેટ, આલ્ફા મોલ જોડે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૫૨. મો.: ૯૮૭૯૭૯૯૦૭૯

**સ્મિત ભાવિક શાહ..................................(બોકરવાડા)**
એ-૪૦૩, સિગ્મા સ્પર્શ, પી.ટી. કોલેજ બસસ્ટોપ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૧૫૭૫૮૭૭૪૫

**સંકેત જગદીશભાઈ શાહ................................(મણુંદ)**
એચ-૩૦૩, સ્વામિનારાયણ પાર્ક-૧, જી.બી.શાહ કોલેજ, શાહ વાડી, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૫૩૭૬૪૦૫૭૪

**કુશ જયેશભાઈ શાહ.................................(ગાંભુ)**
એ/૫૦૪, સીગ્નેચર રેસીડેન્સી, ધનંજય ટાઉન પાસે, સચીન ટાવર પાછળ, ૧૦૦ ફીટ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. મો.: ૮૬૯૦૦૨૩૦૯૯

## ધાર્મિક સમાચાર

❁ ભાલક જૈન સંઘ આયોજીત જીરાવાલ-ભેરૂનાથ-નાકોડા-વરમાણ તથા સાંચોર પંચતીર્થે ત્રિદિવસીય યાત્રા પ્રવાસ તા.૧૯,૨૦,૨૧ ડિસેમ્બરના રોજ યોજવામાં આવેલ હતો. જેમા કુલ ૧૦૦ યાત્રિકોએ ભાગ લીધેલ હતો. તા.૧૮-૧૨-૨૦૨૫ને ગુરુવારે રાત્રે ૧૨ કલાકે ૨ x ૨ એ.સી. બસ દ્વારા પ્રવાસની શરૂઆત કરવામાં આવેલ હતી. સૌપ્રથમ વરમાણ તીર્થ પહોંચ્યા હતા ત્યાં મહાવીર સ્વામી ભગવાનની સુંદર પ્રતિમા હતી. ત્યાં પક્ષાલ તથા સેવા પૂજા કરી ત્યાંથી ભેરૂતારક તીર્થમાં દર્શન વંદન કર્યા, ત્યાંથી જીરાવાલા તીર્થ તરફ પ્રયાણ કરેલ. જીરાવાલા તીર્થમાં સેવા પૂજા કરવામાં આવી. ત્યાંથી બીજે દિવસે સવારે જહાજ મંદિર તરફ પ્રયાણ કરેલ જહાજ મંદિર શાંતિનાથ ભગવાનની સુંદર પ્રતિમા આવેલ તથા કાચનું દેરાસર ખરેખર જોવા લાયક છે. ત્યાંથી બપોરે નાકોડા તીર્થ તરફ પ્રયાણ કરેલ. નાકોડા તીર્થમાં રીસોર્ટમાં રોકાણ કરવામાં આવેલ. રવિવારે જે બેસતા મહિને નાકોડા તિર્થ દરેક યાત્રિકો એ શાંતિનાથ ભગવાના દર્શન કર્યા. નાકોડા ભૈરવદાદાનો વાસસેપ પૂજા તથા કેસર પૂજા કરી લીધેલ હતો. ત્યાંથી બપોરે સાંચોર તીર્થ તરફ પ્રયાણ કરેલ. સાંચોર તીર્થમાં શાંતિનાથ ભગવાનની સુંદર પ્રતિમા છે. જેના દર્શન વંદન તથા ચૌવિહાર કરી અમદાવાદ તરફ પ્રયાણ કરેલ. આમ ત્રણ દિવસીય ખુબ સુંદર આરાધના કરવામાં આવી. દરેક યાત્રિકને દાતાઓ તરફતી રૂ.૩૦૦/- સંઘપૂજન કરવામાં આવેલું હતું. ત્રણ દિવસનો યાત્રા પ્રવાસ ખૂબ સુંદર અને સફળ રહેલ હતો.

## સાધાર્મિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧,૦૦૦/-**



સ્વ.પ્રમોદચંદ્ર વિઠ્ઠલદાસ શાહ (વિસનગર-હાલ:અમદાવાદ)

કુટુંબના વડિલ પ્રત્યેનું ઋણ અદા કરવાનો તથા તેમના પ્રત્યે આદર વ્યક્ત કરવાની સોનેરી અવસરની પળ એજ છે. તેમના નામ સાથે જોડી શકાય તેવા સદ્કાર્યો સતત કરતા રહેલ. સ્વ.પ્રમોદચંદ્ર વિઠ્ઠલદાસ શાહ (વિસનગર) અમદાવાદની પૂણ્ય સ્મૃતિમાં તેમના આત્મશ્રેયાર્થે સદ્ગતના ધર્મપત્ની જયોત્સનાબેન, સુપુત્ર : પ્રતિકભાઈ, પુત્રવધુ : પારૂલબેન, પૌત્ર : ક્રિશ તરફથી આપણા જ્ઞાતિ મંડળને કાયમી સાધાર્મિક સહાય ક્ષેત્રે રૂા.૨૧૦૦૦/-નું દાન મળેલ છે. જ્ઞાતિ મંડળ તેમની સદ્ભાવનાને બિરદાવી ધન્યવાદ પાઠવે છે અને આભાર વ્યક્ત કરે છે.

**રૂા.૨૧,૦૦૦/-**



શ્રી મયૂરભાઈ કેશવલાલ ગાંધી (રણૂજ-હાલ:અમદાવાદ)

શ્રી મયૂરભાઈ કેશવલાલ ગાંધી (રણૂજ-હાલ:અમદાવાદ)ના સુપુત્ર ચિ.રાજના શુભલગ્ન શ્રી નિમિષાબેન વિક્રમભાઈ કોરડીયાની સુપુત્રી ચિ. દેવાંશીની સાથે તા.૩૦-૧૧-૨૦૨૫ના રોજ સંપન્ન થયેલા. આ પ્રસંગે શ્રી મયુરભાઈએ આપણા અમદાવાદ જ્ઞાતિ મંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧૦૦૦/-નું દાન આપેલ છે. શ્રી મયુરભાઈ મંડળમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ ધર્મરસિક વાટિકામાં ગીરનારતીર્થ, સિધ્ધાચલતીર્થ અને માણેકપુર તીર્થમાં સેવાઓ આપી રહ્યા છે. તેમજ રણુજમાં પણ ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. જ્ઞાતિજનો પ્રત્યે શુભ ભાવનાથી આપેલા દાન બદલ મંડળ તેમનો ખુબ આભાર માને છે. આ નવદંપતિના સુખી દામ્પત્યજીવનની મંડળ શુભેચ્છા પાઠવે છે.

**રૂા.૨૧૦૦૦/-**



શ્રી વિક્રમભાઈ બાબુલાલ કોરડીયા

શ્રી વિક્રમભાઈ બાબુલાલ કોરડીયા (શ્રી વાવપંથક જૈન સંઘની વાડી. દશાપોરવાડ કમિટી મેમ્બર, શાંતિ સૌરભ પુસ્તક, ભાભરમાં ખજાનચી)ના સુપુત્રી ચિ.દેવાંશીના શુભલગ્ન શ્રી મયૂરભાઈના સુપુત્ર ચિ.રાજ સાથે તા.૩૦-૧૧-૨૦૨૫ના રોજ સંપન્ન થયેલા. આ નિમિત્તે શ્રી વિક્રમભાઈએ અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૨૧૦૦૦/-નું દાન આપેલ છે. તે બદલ મંડળ આ પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે. મંડળ આ નવદંપતિના સુખમય દામ્પત્યજીવનની શુભેચ્છા પાઠવે છે.

**રૂા.૯૦૦૦/-**



સ્વ.શ્રી રમણલાલ વાડીલાલ શાહ (બોરીયાવી-યુ.એસ.એ.)

સ્વ.શ્રી રમણલાલ વાડીલાલ શાહ (બોરીયાવી-યુ.એસ.એ.)ના પરિવારજનો તરફથી અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૯૦૦૦/- નું દાન પ્રાપ્ત થયેલ છે. સદ્ગત શ્રી રમણલાલે ભૂતકાળમાં જ્ઞાતિમંડળમાં અમૂલ્ય સેવાઓ અને યોગદાન આપેલ છે. તેમના સુપુત્રો : શ્રી રાજેશભાઈ અને શ્રી હિમાંશુભાઈ, પુત્રવધુઓ : અ.સૌ. ઉષાબેન અને અ.સૌ. રૂપાબેન સદ્ગતના દરેક સત્કાર્યમાં સહકાર આપતા. સ્વ.શ્રી રમણલાલના પરિવારજનોની આપણા જ્ઞાતિજનો પ્રત્યેની સહાય માટે ભાવનાને મંડળ બિરદાવે છે અને તેમનો આભાર માને છે.

## યુથફોરમ યુવા વિકાસ ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧,૦૦૦/-**



સ્વ.પન્નાલાલ મોહનલાલ શાહ (પીંઢારપુરા-અમદાવાદ)

યુવા વિકસીત તો સમાજ અને સમગ્ર રાષ્ટ્ર વિકસીત

દરેક સમાજ પાસે યુવાધન અને બુધ્ધિધન તો હોય છે જ પણ જરૂર છે તો તેને યોગ્ય પ્લેટફોર્મ પુરુ પાડવાની આ પ્રકૃતિ આપણા મંડળ દ્વારા યુથફોરમ અંતર્ગત કરવામાં આવે છે. સ્વ.પન્નાલાલ મોહનલાલ શાહના સુપુત્ર શ્રી ભાવિકભાઈ પન્નાલાલ શાહે (પીંઢારપુરા-હાલ:અમદાવાદ)પિતાશ્રીની પુણ્ય સ્મૃતિમાં આત્મશ્રેયાર્થે મંડળ દ્વારા ચાલતી યુથફોરમ પ્રવૃત્તિમાં રૂા.૨૧૦૦૦/-(એકવીસ હજાર પૂરા)નું દાન આપેલ છે. સ્વ.પન્નાલાલ વતન પીંઢારપુરાથી અમદાવાદ આવીને ભાવિક ઈન્ડસ્ટ્રીઝના નામથી ટેક્ષટાઈલ મશનરી પાર્ટસનો ધંધો કરી, જીવનમાં ખૂબજ સંઘર્ષ કરી પરિવારનો ઉત્કર્ષ કર્યો હતો.

સ્વભાવે સરળ, શાંત, નિખાલસ, દયાળુ, માયાળુ અને પરોપકારી હતા.

કહેવાય છે ને "મોરના ઈંડાને ચીતરવા ના પડે"

સુપુત્ર ભાવિકકુમાર આપણા મંડળના સેવાકિય કાર્યો સાથે ૧૫ (પંદર) વર્ષથી જોડાયેલા છે. કારોબારી સભ્ય તરીકે, ટ્રસ્ટી તરીકે શિક્ષણ સમિતિના સભ્ય તરીકે સેવા ઉપરાંત હાલમાં યુથફોરમમાં પણ સક્રીય સેવા આપી રહ્યા છે. મંડળના સાંસ્કૃતિક પ્રોગ્રામ અને મહિલા મંડળ આયોજીત ગરબામાં સંગીત પૂરુ પાડવામાં તેમનું યોગદાન હોય છે જ. ચિ.રીલવે પણ સંગીત ક્ષેત્રે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરેલ છે. હાલમાં જીત સેલ્સ કોર્પોરેશન, રીલવ એન્ટરપ્રાઈઝ અને જીત મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા વિગેરેનો બહુમુખી વિશાળ કારોબાર સ્વ.પન્નાલાલ શાહે સ્થાપેલ ભાવિક ઈન્ડસ્ટ્રીઝની ક્ષિતિજ ખૂબ આગળ ધપાવી રહેલ છે. તેમના જીવન સંગિની છાયાબેન અને પુત્રો : ચિ.રીલવ તથા ચિ.ક્ષિતિજ તેમજ પુત્ર વધુ : રિધ્ધિ અને પૌત્રી રૂહા તેમના પ્રત્યેક સત્કાર્યોને પ્રેરણાનું અમીસિંચન કરતાં રહે છે.

આ પરિવારની સમાજ પ્રત્યેની સદ્ભાવનાને બિરદાવી ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

## સમયક્જ્ઞાન પ્રસારનીધિ ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.કંચનબેન રસીકલાલ શાહ (ગાંભુ-અમદાવાદ)

માતા-પિતાના ઉપકારો પ્રત્યેનું ઋણ કોઈ પણ રીતે અદા કરવા માટે સદૈવ અસમર્થી છીએ.તેમની પૂણ્ય સ્મૃતિ અર્થે તેમજ તેમના સંસ્કારોના સિંચન દ્વારા સદ્કાર્યો કરવાની પ્રેરણા ના અંશ તરીકે તેમના સૂપૂત્રોઅશ્વિનભાઈ, સ્વ.વિજયભાઈ, સ્વ.જીતેન્દ્રભાઈ, સુપુત્રીઓ અંજનાબેન, પ્રવિણાબેન, રેણુંકાબેન, વર્ષાબેન, પુત્રવધુ દક્ષાબેન, પૌત્ર : પારસ, પૌત્રવધુ : પૂજા, પુત્રી : તેજલ હાર્દિકકુમાર, પ્રપૌત્ર : અવી, પ્રાન્શ, પ્રપૌત્રી: મિષ્ઠા તરફથી આપણા મંડળને સમ્યગ્ જ્ઞાન પ્રસારનિધી ક્ષેત્રે રૂા.૨૧૦૦૦/-નું કાયમી દાન મળેલ છે. જ્ઞાતિ મંડળ તેમની સુકૃત ભાવનાની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

## શૈક્ષણિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા. ૨૧૦૦૦/-



શ્રીમતી ઈન્દિરાબેન વિરેન્દ્રભાઈ શાહ
(ગાંભુ-હાલ:અમદાવાદ)

અમદાવાદ જ્ઞાતિ મંડળ અંતર્ગત કાર્યરત શૈક્ષણિક સહાય ક્ષેત્રમાં શ્રીમતી ઈન્દિરાબેન વિરેન્દ્રભાઈ શાહે (ગાંભુ-હાલ:અમદાવાદ) તરફથી ઉચ્ચ શિક્ષણ માટે રૂા.૨૧૦૦૦/-નું દાન મળેલ છે. જ્ઞાતિજનોના વિદ્યાર્થીઓ શિક્ષણમાં ઉજ્જવળ કારકીર્દી ઘડે તે હેતુથી તેમણે આપેલા આ દાન બદલ જ્ઞાતિ મંડળ અભિનંદન આપે છે અને તેમનો ખૂબ આભાર માને છે. શ્રીમતી ઈન્દિરાબેનના સુપુત્ર ચિ.સંજીવભાઈએ યુથફોરમ દ્વારા યોજાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં બેનર લગાવવાનો અને એક ટીમ સ્પોન્સર કરવાનો લાભ લીધેલો. તેમણે છેલ્લા ત્રણ વર્ષથી ગરબા મહોત્સવમાં પણ દાન આપેલું છે. શ્રી સંજીવભાઈના ધર્મપત્ની હેતલબેન તથા તેમના સુપુત્ર ચિ. કેનિલ અને તેના ધર્મપત્ની અ.સૌ. દીશા, તેમના આવા સમાજોપયોગી કાર્યોમાં સદા સહકાર આપે છે. જ્ઞાતિ મંડળ સમાજ પ્રત્યેની લાગણી બિરદાવતા આ પરિવારને હાર્દિક અભિનંદન પાઠવે છે અને આવા સત્કાર્યો કરતા રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

## સાધર્મિક વાત્સલ્ય ફંડ ...દાન-ફંડ-ભેટ

રૂા. ૨૧૦૦૦/-



શ્રી સંદિપભાઈ ભોગીલાલ શાહ
(ભાલક)

શ્રીમતી અલ્પાબેન અને સંદિપભાઈ ભોગીલાલ શાહ (ભાલક)ની સુપુત્રી ચિ.ઈશાના લગ્ન ચિ. જય સાથે તા.૦૭-૧૨-૨૫ના રવિવારના રોજ સંપન્ન થયા. આ પ્રસંગે સાધર્મિક વાત્સલ્યફંડ ખાતે રૂા.૨૧૦૦૦/-(એકવીસ હજાર પૂરા) દાન આપેલ છે. જેની ખૂબ ખૂબ આભાર સહ અનુમોદના કરવામાં આવે છે. જ્ઞાતિમંડળ નવદંપતિને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

શ્રી સંદિપભાઈ આપણા મંડળના પૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી અને હાલના સલાહકારશ્રી દિલીપભાઈ ભોગીલાલ શાહના નાનાભાઈ છે. તેઓ પૂના ખાતે સ્થિત છે. પૂનાના અગ્રણી ઉદ્યોગપતિઓ પૈકી તેઓ પણ મોખરાનું સ્થાન ધરાવે છે. થોડા સમય પહેલાં ઉદ્યોગ ક્ષેત્રે મહારાષ્ટ્રના માન. મુખ્યમંત્રીશ્રી ફડણવીસ સાહેબ દ્વારા તેમનું બહુમાન પણ કરવામાં આવ્યું હતું.

## સાધર્મિક વાત્સલ્ય ફંડ ...દાન-ફંડ-ભેટ

રૂા. ૫૫૦૦/-



શ્રી પૂર્વિનભાઈ કિર્તીભાઈ શાહ
(બોકરવાડા-હાલ:અમદાવાદ)

ઉપરોક્ત શ્રી જયેશભાઈ વિનોદચંદ્ર શાહના વેવાઈ શ્રી પૂર્વિનભાઈ કિર્તીભાઈ શાહે (બોકરવાડા-હાલ:અમદાવાદ) તેમના સુપુત્ર ચિ. પરિનકુમારના શુભલગ્ન પ્રસંગે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૫૫૦૦/-નું દાન આપેલ છે. અમદાવાદ જ્ઞાતિમંડળ આ માટે તેમનો ખુબ આભાર માને છે અને આ નવદંપતિનું દામ્પત્યજીવન સુખમય રહે તેવી શુભેચ્છા પાઠવે છે.

## ઉચ્ચ શિક્ષણ સહાય યોજના... દાન-ફંડ-ભેટ

રૂા. ૨૧,૦૦૦/-



શ્રી જશવંતલાલ પોપટલાલ શાહ
(ભાલક-અમદાવાદ)

શિક્ષણ એ સમાજ પરિવર્તનનો પાયો છે. સારા સુશ્રુથિત-સદઢ સમાજની રચના શિક્ષણ/ઉચ્ચ શિક્ષણ ઉપર અવલંબે છે. શિક્ષણ વગર વ્યક્તિના કે સમાજનો વિકાસ શક્ય નથી.

શ્રી જશવંતભાઈ શાહ ૩૫ (પાંત્રીસ) વર્ષથી મંડળમાં સેવા આપી રહ્યા છે. આ સમય દરમિયાન તેઓશ્રીએ કારોબારી સભ્ય, ઈન્ટરનલ ઓડીટર, જોઈન્ટ સેક્રેટરી, માનદ્‌મંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ અને છેલ્લે મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપી છે. તેમજ જ્ઞાતિના બંધારણમાં સક્રિય સેવા આપેલ છે. આ ઉપરાંત શિક્ષણ સમિતિના કન્વીનર તેમજ સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિમાં કાર્યધ્યક્ષ તરીકે સેવા આપી ચૂક્યા છે. આમ તેઓશ્રી પાયાના કાર્યકર હોઈ મંડળની તમામ પ્રવૃત્તિઓના અનુભવનો અઢળક ખજાનો ધરાવે છે, સાથે વહિવટી કુનેહ પણ. રાજ્ય સરકારશ્રીની સેવા દરમ્યાન તેઓશ્રીએ કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિમાં યોગદાન આપેલ અને ગાંધીનગર જિ.પંચાયતમાં ક્રેડીટ સોસાયટીમાં ડિરેક્ટર તરીકે પણ નોંધપાત્ર સેવા આપી લોકપ્રિય બન્યા હતા. હાલમાં તેઓ જૈનસંઘ ભાલકમાં ટ્રસ્ટી તરીકે તેમજ શ્રી પ્રગતિ મિત્ર મંડળ, ભગવાનનગરના ટેકરા ખાતે સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે. અર્હમ એપાર્ટમેન્ટ સોસાયટી ચેરમેન તરીકે અગાઉ સેવા આપેલ છે. અગાઉ આ પરિવાર દ્વારા સાધર્મિક સહાય યોજના શિક્ષણ સહાય યોજના શુભલગ્ન યોજના તેમજ બિલ્ડીંગ યોજનામાં પણ આર્થિક યોગદાન મળેલ છે. તેઓ સ્પષ્ટ મંતવ્ય ધરાવે છે. કે જો સમાજને જીતવો હોય તો એને સહાયક બનીને જ જીતી શકાય.

આ તમામ સમાજલક્ષી કાર્યોમાં તેમના ધર્મ પત્ની ગુણવંતીબેન સુપુત્ર : શૈલેન્દ્ર, પુત્રવધુ : તૃપ્તી, પૌત્ર : મોક્ષ, દિકરી : કવિતા, સ્નેહલ, જમાઈ : મનનકુમાર, વિશાલકુમાર તેમજ ભાણીયા : પાર્શ્વ-દિવ્ય અને ભાણી : ધ્યાનીનો સંપૂર્ણ સાથ સહકાર મળતો રહ્યો છે.

જ્ઞાતિ મંડળ-અમદાવાદ તેમની સમાજ પ્રત્યેની સદ્‌ભાવનાને બિરદાવી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## ઉચ્ચ શિક્ષણ સહાય યોજના... દાન-ફંડ-ભેટ

રૂા. ૫૫૦૦/-



સ્વર્ગસ્થ શ્રી વિનોદચંદ્ર કચરાલાલ શાહ
(લણવા-હાલ:વાપી)

સ્વર્ગસ્થ શ્રી વિનોદચંદ્ર કચરાલાલ શાહ (લણવા-હાલ:વાપી) ના સુપુત્ર ચિ. જયેશભાઈના ચિ.વિશ્વાના શુભલગ્ન તા.૧૨-૧૨-૨૦૨૫ ના રોજ ચિ.પરિનકુમાર પૂર્વિનભાઈ શાહ (બોકરવાડા-હાલ:અમદાવાદ) સાથે સંપન્ન થયેલ. તે પ્રસંગ નિમિત્તે શ્રી જયેશભાઈએ અમદાવાદ જ્ઞાતિમંડળના ઉચ્ચ શૈક્ષણિક સહાય ક્ષેત્રે રૂા.૫૫૦૦/-નું દાન આપેલ છે. કુટુંબના વડિલશ્રી વિનોદચંદ્ર સરળ, શાંતિપ્રિય અને મિતભાષી હતા. તેમના બહોળા કુટુંબને તેઓ હમેશા હિતકારી માર્ગદર્શન આપતા. તેમના સુપુત્ર ચિ. જયેશભાઈ, પુત્રવધુ સોનલબેન, પૌત્ર ચિ. અક્ષય અને પૌત્રવધુ પરિન, દિકરીઓ : સંગીતાબેન, મનીષાબેન, શિલ્પાબેનને સ્વ.વિનોદચંદ્રે આપેલા સંસ્કાર માટે ગૌરવ છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ, જ્ઞાતિજનો માટેની લાગણી માટે ધન્યવાદ પાઠવે છે અને નવદંપતિનું દામ્પત્ય જીવન સુખમય રહે તેવી શુભેચ્છા પાઠવે છે.

## સાધર્મિક વાત્સલ્ય યોજના...દાન-ફંડ-ભેટ

રૂા.૨૧,૦૦૦/-



સ્વ.શાંતાબેન નાનચંદ શાહ (ચાણસ્મા) રૂા.૨૧૦૦૦/-

સંસારમાં ક્યાંક મહિમાવંતી માતૃભક્તિ તો ક્યાંક પ્રેરક પિતૃભક્તિ જોવા મળે છે.
કહેવાય છે ને "માતૃદેવો ભવ, પિતૃ દેવો ભવ"

માતૃશ્રી શાન્તાબેન અને પિતાશ્રી નાનચંદ શાહના આત્મશ્રેયાર્થે અને પુણ્ય સ્મૃતિમાં તેમના સુપુત્રી અ.સૌ. છાયાબેન ભાવિકકુમાર શાહ (પીંઢારપુરા હાલ:અમદાવાદ) તરફથી આપણા મંડળ દ્વારા ચાલતી સાધર્મિક વાત્સલ્ય યોજનામાં રૂા.૨૧૦૦૦/- (એકવીસ હજાર પૂરા)નું દાન મળેલ છે. મંડળ તેમની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

સ્વ.શાન્તાબેન સ્વભાવે સરળ, શાંત, નિખાલસ તેમજ કુટુંબ પ્રેમી હતા. ગીતો ગાવાના પણ ખૂબ શોખીન હતા. સુપુત્રી છાયાબેન અને ભાવિકકુમાર શાહ તેમજ સુપુત્ર રિલવ પણ આજે સંગીત ક્ષેત્રે સક્રીય રીતે જોડાયેલા છે.

અત્રે યાદ આપવું જરૂરી છે કે સ્વ.શાન્તાબેન નાનચંદ શાહ (ચાણસ્મા) તપસ્વી બહુમાનમાં તપસ્વીઓને શ્રીફળથી બહુમાન કરવામાં આવે છે. તેના કાયમી દાતા છે. આ યોજનામાં રૂા.૪૧૦૦૦/- અગાઉથી આપેલ છે અને હાલમાં રૂા.૧૦૦૦૦/- બીજા આપીને કુલ રૂા.૫૧૦૦૦/-નું દાન મળવા પામેલ છે. મંડળ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

આ સત્કાર્યોમાં છાયાબેન ભાવિકકુમારના સુપુત્રો : રિલવ, ક્ષિતિજ તેમજ પુત્રવધુ રિધ્ધિ તેમજ પૌત્રી રૂહા પણ સહભાગી રહ્યા છે. જ્ઞાતિ મંડળ તેમની સમાજ પ્રત્યેની સદ્ભાવનાને બિરદાવી ધન્યવાદ પાઠવે છે.

---

રૂા.૧૧૦૦૦/-




શ્રીમતી મોનાબેન અને
શ્રી વિપુલભાઈ કાંતિલાલ ગાંધી ( મોઢેરા )

શ્રીમતી મોનાબેન અને શ્રી વિપુલભાઈ કાંતિલાલ ગાંધી ( મોઢેરા ) ની સુપુત્રી કૃપા ના શુભ વિવાહ તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ શ્રીમતી મીનાબેન રાજેશભાઈ પટેલ ( કચોલિયા - વિરમગામ ) ના સુપુત્ર રાજ સાથે સંપન થયેલ છે , આ શુભ પ્રસંગ નિમિતે રૂ.૧૧૦૦૦/- ( અગિયાર હજાર ) સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે ભેટ આપવાનો લાભ લીધેલ છે. જેનો લાભ આપવા બદલ મંડળ નો આભાર વ્યક્ત કરીએ છીએ.

---

રૂા.૧૧૦૦૦/-



શ્રી રાજેશભાઈ ગાંડાલાલ પટેલ
(કર્ચોલિયા-અમદાવાદ)

શ્રીમતી મીનાબેન અને રાજેશભાઈ પટેલના સુપુત્ર રાજકુમારભાઈ ના લગ્ન શ્રીમતી કંચનબેન કાંતિલાલના પુત્રવધુ મોનાબેન અને પુત્ર વિપુલકુમારની સુપુત્રિ ચિ. કૃપાબેન સાથે તા. ૨૫-૧૧-૨૦૨૫ ના રોજ સંમ્પન થયેલ છે. આ લગ્ન પ્રસંગે સાધાર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) દાન આપેલ છે. જેની ખૂબ-ખૂબ આભાર સહ અનુમોદના કરવામાં આવે છે. જ્ઞાતિમંડળ નવદંપતિને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

## મેડીકલ સહાય યોજના... દાન-ફંડ-ભેટ

રૂા.૨૧,૦૦૦/-



માલતીબેન રમેશકુમાર શાહ
(ઉનાવા-હાલ:અમદાવાદ)

પુષ્પ એની સુગંધ ફેલાવવા
જાતે ક્યાંય જતું નથી, હવા સ્વયં
તેની પાસે આવીને સુગંધને
દૂર દૂર સુધી ફેલાવવાનું કાર્ય કરે છે.

કેટલાક વ્યક્તિ/આત્માઓનું જીવન પુષ્પ સમુ હોય છે. પુષ્પને સુગંધ પ્રસારવામાં રસ છે. પણ એનો આડંબર કરવામાં રસ નથી. સહજ રીતે જ ખીલવું અને સત્કાર્યો દ્વારા જીવન સંપન્ન કરવું એ જીવનમંત્ર હોય છે. આવા છે શાન્તાબેન નરોતમદાસ શાહના પુત્રવધુ માલતીબેન રમેશકુમાર શાહ ગુલાબ, જાસૂદ, ચંપો અને મોગરાની જેમ "માલતી" પણ ફુલનો એક પ્રકાર જ છે. આમ તેઓ નામ પ્રમાણે ગુણ ધરાવે છે. માલતીબેન અંબાલાલ બુલાખીદાસ શાહ (મણુંદ-મુંબઈ) ના સુપુત્રી છે. **Health is Lost Is Everything Lost** સુત્રને સાકાર કરીને માલતીબેન રમેશકુમાર શાહ (ઉનાવા-અમદાવાદ) એ આપણા મંડળ દ્વારા ચાલતી મેડીકલ સહાય યોજના કાયમી ફંડમાં રૂા.૨૧૦૦૦/- (એકવીસ હજાર પૂરા)નું દાન આપેલ છે. શ્રી રમેશભાઈ શાહ છેલ્લા સાત વર્ષથી આપણા મંડળમાં ટ્રસ્ટી તરીકે અને હાલમાં મેડીકલ સહાય યોજના કન્વીનર તરીકે તેમજ હોમીયોપેથીક હીલીંગ સેન્ટર ચાલુ થયું ત્યારથી નિ:સ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે.

સંપતિની સાથે સાથે સંસ્કારોનું સિંચન ખૂબ જ અગત્યનું હોય છે. આ પરિવારના સુપુત્રો શ્રી જીગર, વિરલ, પુત્રવધુઓ : ઈસીતા, જીનલ- પૌત્ર : કવીશ, પૌત્રી : મીસ્કા પણ આ સત્કાર્યના સહભાગી છે. જીગર અને વિરલે જ્ઞાતિ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આ અગાઉ યોગદાન આપેલ છે. જ્ઞાતિ મંડળ અમદાવાદ આ પરિવારની સમાજ પ્રત્યેની સદ્ભાવનાને બિરદાવી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## પરિવાર પત્રિકા સંપાદન ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

રૂા.૧૧,૦૦૦/-



સ્વ.કંચનબેન જયંતીલાલ શાહ
(ઉનાવા)

સ્વ.કંચનબેન જયંતિલાલ શાહ (ઉનાવા)ની પૂણ્યતિથી નિમિત્તે તેઓના પુત્રો, શ્રી સંજયભાઈ, શ્રી વિભાકરભાઈ, ડૉ.વિજયભાઈ તેમજ સમગ્ર કુટુંબીજનોએ ૧૦ વર્ષ સુધી આ પૂણ્યાત્માની સ્મરણાંજલિ સ્વરૂપે દર વર્ષે સ્વજનની પૂણ્યતિથિ નિમિત્તે પરિવાર પત્રિકાના સંપાદન સહાય અર્થે જાહેર કરેલ રૂા. ૧,૧૦,૦૦૦/- ના દાન પૈકી સમાજને આઠમાં વર્ષે રૂા.૧૧,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયેલ છે. સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ આભાર વ્યક્ત કરે છે.

## સાધર્મિક વાત્સલ્ય ફંડ ...દાન-ફંડ-ભેટ

રૂા.૨૫૦૦/- અ.સૌ. મીતાબેન જીજ્ઞેશભાઈ જયંતિલાલ (ભાલક-હાલ:અમદાવાદ) ના સુપુત્રી ચિ.સંયોનીના શુભલગ્ન તા.૦૨-૧૨-૨૦૨૫ના રોજ અ.સૌ. ઈલાબેન રાજેન્દ્રભાઈના સુપુત્ર ચિ. ઓમકુમાર સાથે સંપન્ન થયેલ. આ પ્રસંગે તેમના પરિવારે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૨૫૦૦/-નું દાન આપેલ છે. મંડળ તેમનો આભાર માને છે અને નવદંપતિના સુખમય જીવનના આશિર્વાદ પાઠવે છે. ઉપરોક્ત શ્રી જીજ્ઞેશભાઈના વેવાઈ શ્રી રાજેન્દ્રભાઈ દલપતભાઈએ તેમના સુપુત્ર ચિ. ઓમકુમારના શુભલગ્ન પ્રસંગે અમદાવાદ જ્ઞાતિમંડળને સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૫૦૦/-નું દાન આપેલ છે. તે બદલ મંડળ તેમનો આભાર માને છે અને આ નવદંપતિને સુખમય જીવનના આશિર્વાદ પાઠવે છે.

# અવસાન-શ્રધ્ધાંજલિ



**ભૂપત કાંતિલાલ શાહ**
ગામ : મણુંદ
હાલ : પૂના
સ્વ. તા.૦૬-૧૨-૨૦૨૫, રવિવાર



**કિરણકુમાર સેવંતીલાલ શાહ**
ગામ : કમાણા
હાલ : મણીનગર, અમદાવાદ
સ્વ. તા.૦૯-૧૨-૨૦૨૫, મંગળવાર



**રસીલાબેન વસંતલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : બિબવેવાડી, પૂના
સ્વ. તા.૧૦-૧૨-૨૦૨૫, બુધવાર



**સુશીલાબેન કીર્તિકુમાર શાહ**
ગામ : દેણપ
હાલ : પૂના
સ્વ. તા.૨૦-૧૨-૨૦૨૫, શનિવાર



**કિરણભાઈ નરોતમદાસ શાહ**
ગામ : ગાંભુ
હાલ : બોરીવલી, મુંબઈ
સ્વ. તા.૨૧-૧૨-૨૦૨૫, રવિવાર



**સવિતાબેન જયંતિલાલ શાહ**
ગામ : ભાલક
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૧-૧૨-૨૦૨૫, રવિવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## શ્રી સુડતાલીસ જૈન જ્ઞાતિ મંડળ, પૂના

દર વર્ષની જેમ આ વર્ષે પણ મંડળનો વાર્ષિક કાર્યક્રમ તા.૨૩-૧૧-૨૦૨૫ના રવિવારના રોજ મહાવીર પ્રતિષ્ઠાનમાં કાર્યકારી વિસ્વસ્ત શ્રી સુરેન્દ્રભાઈ રમણીકલાલ શાહ, પ્રમુખ શ્રી સુધીરભાઈ ઈશ્વરલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી બીપીનભાઈ શાંતિલાલ શાહ તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી વીણાબેન સુધીરભાઈ શાહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો જેમાં નીચે મુજબ કાર્યક્રમ થયો. (૧) મંડળની કારોબારીના સભ્યોના હસ્તે દિપ પ્રજવલન અને નવકાર મંત્રથી કાર્યક્રમની શરૂઆત થઈ. (૨) જ્ઞાતિના ૫ વર્ષ થી ૧૫ વર્ષના બાળકોએ ડાન્સ અને કવિતાો રજૂ કરી મનોરંજન કરાવ્યું બધાને મંડળ તરફથી પ્રોત્સાહક ઈનામો આપ્યા હતા. (૩) કુશળ વક્તાઓએ અલગ અલગ વિષયો ઉપર માહિતી આપી  હતી. (૪) આજે ૪૭ પૂના યુથ ફોરમની સ્થાપના કરવામાં આવી. (૫) ૭૫ વર્ષ પૂરા થયેલ ૪ વડિલોનું સન્માન તથા તપસ્વી અને તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું તે પછી સ્વાદિષ્ટ ભોજન માણ્યું હતું કાર્યક્રમમાં ૩૫૦ સભ્યોની હાજરી હતી.

## શ્રી મહેસાણા જીલ્લા જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિન મહિલા મંડળ, વડોદરા

| | |
|---|---|
| પ્રમુખ : | શ્રીમતી જીજ્ઞાબેન કે. શાહ (મોટપ)<br>મો.: ૯૪૨૭૧૧૮૨૯૨ |
| ઉપપ્રમુખ : | શ્રીમતી સુમિત્રાબેન વી. શાહ (કમાણા)<br>મો.: ૯૨૬૫૧૬૬૭૩૩ |
| મંત્રી : | શ્રીમતી દિપ્તીબેન આર. શાહ (રણુંજ)<br>મો.: ૯૪૦૮૪૨૫૪૨૪ |
| ખજાનચી : | શ્રીમતી ડોલીબેન ટી. શાહ (ભાલક)<br>મો.: ૯૮૭૯૫૭૮૪૩૨ |
| કારોબારી સભ્ય : | શ્રીમતી દિપ્તીબેન જે. શાહ (ખરોડ)<br>મો.: ૯૯૦૪૪૬૫૪૯૫ |
| કારોબારી સભ્ય : | શ્રીમતી શાલીનીબેન વી. શાહ (ઉનાવા)<br>મો.: ૯૪૨૮૩૦૦૦૦૯ |

**અવસાન/શ્રધ્ધાંજલી વિના મૂલ્યે ફોટા સાથે પ્રગટ કરવામાં આવે છે. જ્ઞાતિજનોએ આ અંગેના સમાચાર અમદાવાદ મંડળની ઓફિસે મોકલી આપવા.**

**તકની ખાસિયત એ છે કે,**
**એ આવે એના કરતા જતી રહે,ત્યારે**
**વધુકિંમતી લાગે છે!**

---

**કર્મોનો અવાજ હંમેશા,**
**શબ્દો કર્તા ઉંચો જ હોય છે !!**

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ આયોજિત

# લાઇવ મ્યુઝીકલ જલસો



અમદાવાદ મંડળ યૂથ ફોરમ વર્ષોથી સમાજના યુવાઓ તથા જ્ઞાતિજન માટે સકારાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરતું આવ્યું છે. વર્ષ ૨૦૨૩માં આયોજિત "ગાતા રહે મેરા દિલ" Karakoe Musical Event દ્વારા સમાજની અનેક છુપાયેલી સંગીત પ્રતિભાઓને એક સુંદર મંચ મળ્યો. આ કાર્યક્રમની સફળતાથી પ્રેરાઈને ૪૭ સમાજના સંગીતપ્રેમી મિત્રો દ્વારા **"સૂરીલી સંગત"** નામનું સંગીત ગ્રુપ રચાયું, જે દર બે મહિને નિયમિત રીતે Karakoe Music Programs આયોજિત કરે છે.

આ જ પરંપરાને આગળ વધારતા, અમદાવાદ મંડળ યૂથ ફોરમ દ્વારા તારીખ ***૨૧-૧૨-૨૦૨૫ (રવિવાર)*** ના રોજ **વાસણા જ્ઞાતિ હોલ, અમદાવાદ** ખાતે **ભવ્ય લાઈવ મ્યુઝિકલ જલસોનું** આયોજન કરવામાં આવ્યું હતું. આપણી જ જ્ઞાતિના ઊભરતા અને પ્રતિભાશાળી કલાકારોએ જીવંત વાદ્ય સંગીતના સથવારે બોલીવુડના લોકપ્રિય ગીતોની મનમોહક રજૂઆત કરી.

આ કાર્યક્રમ માટે કુલ ૩૧ રજીસ્ટ્રેશન થયા હતા, જેમાંથી ૨૭ પ્રતિભાગીઓએ ઓડિશન આપ્યું અને અંતે ૨૫ પ્રતિભાગીઓએ રીહર્સલ બાદ લાઈવ પરફોર્મન્સ આપ્યું. ૪ થી ૭૨ વર્ષ સુધીના તમામ વયજૂથના કલાકારોએ પોતાની મહેનત અને પ્રતિભાથી કાર્યક્રમને યાદગાર બનાવ્યો.

કાર્યક્રમને સમાજ તરફથી ઉત્તમ પ્રતિસાદ મળ્યો; ૧૩૦ થી વધુ જ્ઞાતિજનોએ ઓફલાઈન હાજરી આપી અને ૪૦૦૦થી વધુ ફેસબુક વ્યૂઝ દ્વારા કાર્યક્રમ નિહાળ્યો. જે કોઈને કાર્યક્રમનું રેકોર્ડિંગ જોવું હોય, તેઓ સમાજના ફેસબુક પર જઈને જોઈ શકશે. આ સાથે યૂથ ફોરમ દ્વારા એક નવો ચીલો ચીતરવામાં આવ્યો, આવા સંગીતના કાર્યક્રમ વખતે સમાજના ગૌરવસમા, સંગીતના ક્ષેત્રમાં વ્યાવસાયિક રીતે ખ્યાતિ પામેલા યુવાન કલાકાર **શ્રી રિલવ શાહ (પિંઢારપૂરા), કુમારી પ્રાચી શાહ (બોકરવાડા) અને શ્રી નિગમ શાહ (ઉનાવા)** ને સૌ જ્ઞાતિજન ની ઉપસ્થિતિમાં સન્માનીત કર્યા અને શ્રી રિલવ અને કુમારી પ્રાચી એ પોતાની કળા ની એક આછેરી ઝલક દ્વારા સૌને મંત્રમુગ્ધ કરીને કાર્યક્રમને વિશેષ ગૌરવ આપ્યું. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બકુભાઈ ગાંધી, પ્રમુખ શ્રી વિજયભાઈ શાહ તથા રીટાબેન ગાંધી તરફથી તમામ ભાગ લેનારા પ્રતિભાગીઓને પ્રોત્સાહિત કરવા માટે રોકડ ઇનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમની સમાપ્તિ બાદ સૌ જ્ઞાતિજન માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ લાઈવ મ્યુઝિકલ જલસો સમાજની સંગીતપ્રતિભા, એકતા અને સંસ્કૃતિનો સુંદર ઉત્સવ સાબિત થયો.

**સૂરીલી સંગત - સંગીતથી જોડાતો સમાજ**

**જગત ગાંધી - કન્વીનર • શાલિન શાહ - સહ કન્વીનર (યુથ ફોરમ)**









પરિવાર પત્રિકા

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL, Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI